આંક–૫૭

ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨ નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ, અમદાવાદ

રેફરન્સ (આઈ.ટી.) નં.૮૮/૨૦૨૦

પ્રથમ પક્ષકાર : મ્યુ. કમિશનરશ્રી,
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૨૨.

અને

બીજા પક્ષકાર : મંત્રીશ્રી,
મેનહોલ કામદાર યુનિયન,
૧૦૫૮/બી/૮૫, ભારતનગર,
ગીતામંદીર રોડ, છીપા કબ્રસ્તાન સામે,
અમદાવાદ–૨૨.

હાજર રહયાઃ પ્રથમ પક્ષકાર તરફે વકીલથી એમ. એચ. દવે.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધીશ્રી જે. એમ. સોલંકી.

–: એવોર્ડ :–

(૧) સદર રેફરન્સ ઉપસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર,સચિવાલય, ગાંધીનગરનાં તા. ૩૦–૦૯–૨૦૨૦ નાં હુકમ ક્રમાંક : કેએચઆર–૨૦૨૦–૧૩૧–આઈડીએ–૧૦–૨૦૨૦–૩૫૯૪૭૪–મ(૨) દવારા હુકમની અનુસૂચિ મુજબની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

–: અનુસુચિ :–

૧. કામદારોને તેમની રોજીંદા મજુરની નોકરીમાં દાખલ તારીખથી જે ઈજાફા (ઈન્ક્રીમેન્ટ) આપવામાં આવેલ છે તેવા ઈજાફા અચાનક બંધ કરી નવો ગ્રેડ પગાર આપી નુકશાન કરેલ છે તેવા નુકશાન કરેલા, કપાત કરેલા ઈન્ક્રીમેન્ટના નાણાંનું એરીયર્સ બીલ બનાવી ચુકવણુ કરી આપવું કે કેમ ?

૨. કામદારોને અન્ય કામદારોને ઈજનેર શિરસ્તેદાર ખાતા દવારા નાણા ખાતાના તા.૨૧/૦૪/૨૦૧૬ ના સર્ક્યુલર નં.૮ ચુકવેલ છે તેવો લાભ આ કામદારોને આપવા તથા બિલ ચુકવણી કરી આપવા કે કેમ ?

ક્રમ	નામ
૧	ખોડાભાઈ જેઠાભાઈ સોલંકી
૨	કસ્તુરીબેન ભીમાભાઈ
૩	નાથાભાઈ છગનભાઈ
૪	સમુબેન દલાભાઈ
૫	ટીકીબેન ત્રિકમભાઈ
૬	પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ

(૨) સદર કામે બીજા પક્ષકાર (કે જેને હવે પછીથી ટુંકમાં "યુનિયન તરીકે સંબોધેલ છે) ધ્વારા આંક– ૧૧ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે હાલના વિવાદના સંબંધીત શ્રમયોગી (કે જેને હવે પછીથી ટુંકમાં "અરજદાર" તરીકે સંબોવેલ છે) પ્રથમ પક્ષકાર (કે જેને હવે પછીથી ટુંકમાં "સંસ્થા" તરીકે સંબોધેલ છે) માં છેલ્લા ઘણા વર્ષોથી ઈજનેર ખાતામાં કામ કરતા આવેલ છે અને અરજદર વય મર્યાદાના કારણે નિવૃત થયેલ છે. અરજદાર સને ૧૯૮૨ ના વર્ષમાં ઈન્ટરવ્યુ આપી સીલેકટ થયેલ છે અને વેઈટીંગ લીસ્ટના શ્રમયોગી હતા પરંતુ સંસ્થાની ભુલના કારણે અરજદારને સને ૧૯૮૨ ના સાલમાં હાજર કરવાને બદલે મોડા હાજર કરેલ હતા અને સંસ્થાએ તેમની નિતી મુજબ ૫ વર્ષ અને ૯૦૦ દિવસ પુરા થયા બાદ સમયસર કાયમ ન કરી મોડા કાયમ કરેલ છે. આ રીતે મોડા કાયમ કરવાથી અરજદારને મળતા તમામ લાભો અંગે ખુબ જ મોટા પલાકમાં આર્થિક નુકશાન થયેલ છે. અરજદારને સંસ્થાના નિયમાનુસાર કાયમી ન કરતા અરજદારની સીનીયોરીટીમાં ખુબ જ ગંભીર વિપરિત અસરો પહોંચાડવામાં આવેલ છે. અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી સંસ્થાના નિયમ મુજબ રોજમદારને ૩૧૩ દિવસે એક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવે છે જે મુજબ અરજદારને પણ નોકરીમાં દાખલ થયા ત્યારથી ૩૧૩ દિવસે એક ઈન્ડીમેન્ટ આપવામાં આવેલ છે. ઈજનેર શીરસ્તેદર ખતા અને નાણાં ખાતાની ભુલના કારણે અરજદારને નિયમિત આપવામાં આવતા ઈજાફા અચાનક બંધ કરી દીધેલ હતા. જેથી અરજદારને ખુબ જ આર્થિક નુકશાન થયેલ છે. આ નાણાંનું બિલ બનાવી સંસ્થા અરજદારને ચુકવી આપે તે માટે હાલની તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તે મુજબ અરજદારની

માંગણી છે. અરજદાર વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલ છે. નાણાં ખાતા ધ્વારા તા.૨૧/૪/૧૬ ના રોજ સરકયુલર નં.૮ જારી કરી સુચના આપેલ હતી કે રોજમદારને રોજીંદા સમયના મળવાપાત્ર ઈજાફા તા.૩૧/૩/૧૬ સુધી નોશનલ ગણી તા.૧/૪/૧૬ થી રોકડમાં આપવા. અરજદાર સિવાયના અન્ય તમામ શ્રમયોગીઓને ઉપરોકત સરકયુલર મુજબ સંસ્થાએ બિલ બનાવી રોકડમાં ચુકવેલ છે પરંતુ અરજદારને રોકડમાં ચુકવેલ નથી જેથી સદર રકમ મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની રોજીંદા મજુરની નોકરીમાં દાખલ તારીખથી જે ઈજાફા આપવામાં આવેલ છે અને તેવા ઈજાફા અચાનક બંધ કરી નવો પગાર ગ્રેડ આપી નુકશાન કરેલ છે તેવા આર્થિક નુકશાન અને કપાત કરેલ ઈજાફાના નાણાની એરિયર્સ બિલ બનાવી સંસ્થા ચુકવી આપે તેવો હુકમ કરવાની તેમજ નાણાં ખાતાના તા.૨૧/૪/૧૬ ના રોજ સરક્યુલર નં.૮ ના લાભો અરજદારને ચુકવી આપવાની દાદ માંગેલ છે. અરજદાર માંગણાના નિવેદનની હકીકતે હાલનો રેફરન્સ મંજુર કરવા જણાવે છે.

(૩) સદર કામે પ્રથમ પક્ષકાર દવારા આંક–૧૨ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે અરજદારના માંગણાના નિવેદનમાં જણાવેલ વિધાનો કે જેને સંસ્થાએ સ્પષ્ટ પણે કબુલ કરેલ ન હોઈ તે સિવાયના વિધાનો સંસ્થાને કબુલ મંજુર નથી. સંસ્થા સત્ય હકીકતે જણાવે છે કે સંસ્થાના કુલ પાંચ ઝોનમાં કામ કરતા સંખ્યાબંધ રોજમદાર શ્રમયોગી તરફથી કે તેમના યુનિયન ધ્વારા ના. ગુજરાત વડી અદાલત સમક્ષ ઘણી બધી પીટીશન દાખલ કરી રોજમદારમાંથી કાયમી શ્રમયોગીઓ ગણવા સંબંધમાં દાદ માંગવામાં આવેલ હતી. આ પ્રમાણે ના.વડી અદાલત સમક્ષ સ્પે.સી.એ./પીટીશનના સંબંધમાં સંબંધિત શ્રમયોગીઓને સંસ્થાના વિવિધ ઠરાવોથી સંસ્થામાં ઉઘાડવામાં આવેલ સુપરન્યુમરી જગ્યા ઉપર શ્રમયોગીઓને મળતા ગ્રેડમાં પગાર તથા નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાથી કાયમી નિમણુક આપવામાં આવેલ હતી. શ્રમયોગીઓને કાયમી તરીકે આપેલ નિમણુકનો અરજદાર શ્રમયોગીઓએ સ્વૈચ્છિક કબુલાતનામાં અન્વયે સ્વીકાર કરેલ છે તથા તે પ્રમાણે તેઓને કાયમી કામદાર તરીકે ફરજ બજાવેલી હતી. ત્યારબાદ અરજદાર નં.૧ ખોડાભાઈ જેઠાભાઈ વાળોદરા

સિવાયના અન્ય પાંચ શ્રમયોગીઓ તા.૧/૪/૧૬ અગાઉ સંસ્થામાંથી નિવૃત/છુટા થયેલ હતા જ્યારે અરજદાર નં. ૧ ખોડાભાઈ જેઠાભાઈ વાળોદરાને સંસ્થાના નાણાં ખાતાના તા.૨૧/૪/૧૬ ના રોજ સરકયુલર નં. ૮ ના પત્ર મુજબ મળવાપાત્ર ઈન્ક્રીમેન્ટના તફાવતની રકમ ચુકવી આપેલ છે. સંસ્થા જણાવે છે કે નાણાં ખાતાના તા.૨૧/૪/૧૬ ના રોજ સરકયુલર નં.૮ ના પત્રમાં જણાવ્યા મુજબ ટુંકમાં ૫ વર્ષ અને ૯૦૦ દિવસની પોલિસી અંતર્ગત (વર્ગ-૪) માં ફરજ બજાવતા જે રોજમદારને કાયમી કરવામાં આવેલ હોય તે પૈકી તા.૧/૪/૧૬ ના રોજ તેમની ફરજ ઉપર હાજર હોય તેમને તેમના રોજીંદા સમયગાળા દરમ્યાન મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટ તા.૩૧/૩/૧૬ સુધી નોશનલ ગણી તા.૧/૪/૧૬ થી રોકડમાં આપવા મંજુરી મળેલ. આમ ૬ પૈકી ૫ અરજદાર તા.૧/૪/૧૬ અગાઉ નિવૃત/છુટા થઈ ગયેલ હોઈ તેઓ સંસ્થા પાસેથી નિયમોનુસાર ઈન્ક્રીમેન્ટ તફાવતના નાણા કાયદેસર રીતે માંગવા કે મેળવવા હકકદાર હતા કે હકકદાર બનતા નથી. અરજદાર શ્રમયોગીઓની સને ૨૦૦૪ થી કાયમી કરવાની માંગણી ૧૫ વર્ષ બાદ હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ હોઈ અરજદાર શ્રમયોગીઓના વિવાદને વિલંબનો બાધ નડે છે. સંસ્થા લેખિત જવાબની ઉપરોકત હકીકતે અરજદારનો હાલનો વિવાદ રદ કરવા જણાવે છે.

(૪) સદર કામે અરજદાર તરફે લીસ્ટ આંક-૫ર તથા સંસ્થા તરફે લીસ્ટ આંક-૧૩ તથા આંક-૪૭ થી તેમના દસ્તાવેજો રજુ કરેલ છે. સંસ્થા તરફે લીસ્ટ આંક-૧૩ ના દસ્તાવેજ અરજદાર તરફે સંમતિથી આંકે પાડવામાં આવેલ છે જે હાલના કામે આંક-૨૨ થી આંક-૩૫ થી રજુ છે.

અરજદારના નીચે જણાવેલ વિગતે જુબાનીરૂપી સોગંદનામાં રજુ કરવામાં આવેલ છે.

ક્રમ	નામ	જુબાનીરૂપી સોગંદનામાનો આંક
૧	ખોડાભાઈ જેઠાભાઈ સોલંકી	ગુજરી ગયેલ છે.
૨	કસ્તુરીબેન ભીમાભાઈ	૧૪
૩	નાથાભાઈ છગનભાઈ	૧૫
૪	સમુબેન દલાભાઈ	૧૬

૫	ટીકીબેન ત્રિકમભાઈ	૧૭
૬	પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ	૪૧

અરજદારના આંક–૧૫, ૧૬ તથા આંક–૪૧ ના જુબાનીરૂપી સોગંદનામાંની સંસ્થા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

અરજદાર ટીકીબેન ત્રિકમભાઈ તેમનું આંક–૧૭ નું જુબાનીરૂપી સોગંદનામુ રજુ કર્યા બાદ ઉલટતપાસ માટે હાજર ન રહેતા તેમનું સોગંદનામું ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે. પાર્વતીબેન કાનજીભાઈ વોરા ધ્વારા આંક–૧૮ થી તેમનું સોગંદનામું રજુ કરેલ છે પરંતુ સદર શ્રમયોગી હાલના વિવાદના સંબંધિત શ્રમયોગી ન હોઈ સદર સોગંદનામું હાલના કામે ધ્યાને લીધેલ નથી. અરજદાર કસ્તુરીબેન ભીમાભાઈ ઉલટતપાસ માટે હાજર રહેલ ન હોઈ તેમનું સોગંદનામું સદર વિવાદના ન્યાય નિર્ણય તબકકે ધ્યાને લીધેલ નથી.

અરજદાર ખોડાભાઈ જેઠાભાઈ સોલંકી ગુજરી ગયેલ હોઈ ઔધોગિક ન્યાયપંચ ધ્વારા આંક–૧૯ હેઠળના હુકમથી ગુજરનારના પુત્ર દીનેશભાઈ ખોડાભાઈ સોલંકીને હાલના કામે પક્ષકાર તરીકે દાખલ કરેલ છે. ગુજરનારના વારસદાર ધ્વારા આંક–૪૮ થી તેમનું જુબાનીરૂપી સોગંદનામું રજુ કરેલ છે જે પરત્વે સંસ્થા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

અરજદાર તરફે આંક–૫૦ થી તથા સંસ્થા તરફે આંક–૫૧ થી પોતપોતાનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

અરજદારના પ્રતિનીધીશ્રી જે. એમ. સોલંકી તથા સંસ્થા તરફે વકીલશ્રી એમ. એચ. દવેને સાંભળ્યા. અરજદાર તરફે આંક–૫૩ તથા આંક–૫૪ થી તેમની લેખિત દલીલો રજુ કરેલ છે.

પક્ષકારોના વકીલશ્રી/પ્રતિનિધીશ્રી ધ્વારા તેમની દલીલમાં મુખ્યત્વે તેમના પક્ષ નિવેદનની હકીકતો ઉપર આધાર રાખેલ હોઈ પુનરાવર્તન ટાળવાનાં હેતુસર પક્ષકારોની દલીલોનો વિગતવાર ઉલ્લેખ હાલનાં કામે કરેલ નથી.

(૫) સદર કામે નીચે મુજબના મુદાઓ મારા ન્યાયનિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

૧. અરજદારને તેમની રોજીંદા મજુરની નોકરીમાં દાખલ તારીખથી જે ઈજાફા (ઈન્ક્રીમેન્ટ) આપવામાં આવેલ છે તે ઈજાફા અચાનક બંધ કરેલ છે તેવા નુકશાન કરેલા, કપાત કરેલા ઈન્ક્રીમેન્ટના નાણાંનું એરીયર્સ બીલ બનાવી ચુકવણું કરવું કે કેમ ?

૨. અરજદારને ઈજનેર શિરસ્તેદાર ખાતા ધ્વારા નાણા ખાતાના તા.૨૧/૦૪/૨૦૧૬ ના સકર્યુલર નં.૮ મુજબ ચુકવેલ લાભ આપવા જોઈએ કે કેમ ?

૩. શો હુકમ?

ઉપરોકત જણાવેલ મુદાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. અંશત: હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

(૬) -:કારણો:-

<u>મુદ્દા નં. ૧ તથા મુદ્દા નં. ૨:</u>

(એ) સદર કામના વિવાદની અનુસુચિ ધ્યાને લેવામાં આવે તો યુનિયન તરફે ઉપસ્થિત કરેલ માંગણી નં.૧ તથા માંગણી નં.૨ માં ઉપસ્થિત થતા મુદ્દા એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોઈ મુદા નં. ૧ તથા મુદા નં.૨ નો કારણોની સંયુકત ચર્ચા કરી નિકાલ કરવામાં આવે છે.

સદર વિવાદમાં સંકળાયેલ અરજદાર પૈકી અરજદાર (૧) નાથાભાઈ છગનભાઈ (૨) સમુબેન દલાભાઈ (૩) પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ તથા (૪) ગુજરનાર ખોડાભાઈ જેઠાભાઈ સોલંકીના વારસદાર દીનેશભાઈ ખોડાભાઈ સોલંકી ધ્વારા સદર કામે હાજર રહી તેમનો મૌખિક પુરાવો રજુ કરેલ હોઈ સદર અરજદાર પુરતો જ સદર કામનો ન્યાયનિર્ણય કરવામાં આવેલ છે. અરજદારની કાયમ થયા તારીખ તથા નોકરીમાથી નિવૃતિની તારીખ નીચે મુજબ છે.

ક્રમ	નામ	કાયમ થયા તારીખ	નોકરીમાથી નિવૃતિની તારીખ
૧	ખોડાભાઈ જેઠાભાઈ સોલંકી	૩૧/૧૨/૦૪	૩૦/૦૬/૦૯
૨	નાથાભાઈ છગનભાઈ	૦૭/૦૧/૦૫	૩૧/૧૦/૧૫
૩	સમુબેન દલાભાઈ	૦૨/૦૩/૦૫	૦૧/૧૦/૧૪
૪	પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ	૦૨/૦૩/૦૫	૦૧/૦૨/૧૪

(બી) સદર કામે રજુ સંસ્થાનો તા.૨૪/૧૦/૯૪ ના રોજનો સરક્યુલર નં.૪૬ ધ્યાને લેવામાં આવે તો સંસ્થામાં રોજમદાર કર્મચારીઓને પાછલી તરીખથી કાયમ કરવામાં આવે છે. આવા રોજમદાર કર્મચારીઓને કાયમ કરેલ પાછલી તારીખથી કાયમ કર્યાની તારીખ સુધીના સમય દરમ્યાન ક્યાં લાભ ચુકવી શકાય તે અંગેના લાભો ચુકવવાનું નક્કી થયેલ છે.

સદર સરકયુલરના ક્રમ નં. ૯ ઉપર ઈન્ક્રીમેન્ટ તફાવતની બાબત સામે રોજમદાર કર્મચારીઓને દર ૩૧૩ દિવસે ૧ ઈજાફો આપવામાં આવે છે. રોજમદાર કર્મચારી પાછલી તારીખથી કાયમ થતા પે ફીકસેસનમાં તફાવત ચુકવવામાં આવશે અથવા કોઈ કર્મચારીને રોજમદાર સમયમાં ૩૧૩ દિવસ મુજબ ઈન્ક્રીમેન્ટ આપવામાં આવેલ ન હોય તો તે મુજબ ઈન્ક્રીમેન્ટ આપી પગાર ફીક્સ કરી ઈન્ક્રીમેન્ટ ચુકવવામાં આવશે તે મુજબ ઠરાવેલ છે.

લીસ્ટ આંક–૪૭ ના દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો અરજદારને રોજમદાર સમયગાળા માટે સંસ્થાના ઉપરોકત ઉલ્લેખ કરેલ સરક્યુલર અનુસાર ઈજાફા આપેલ હોવાનું જણાય છે.

(સી) અરજદાર જે સરકક્યુલર પર આધાર રાખે છે તે તા.૨૧/૦૪/૧૬ ના રોજનો સંસ્થાનો સરકયુલર નં.૮ હાલના કામે નિ.૧૩/૧૪ (આંક–૩૫) થી રજુ છે. સદર સરકયુલર નીચે મુજબ છે.

<u>''૫ વર્ષ અને ૯૦૦ દિવસની પોલીસી અંતર્ગત રોજીંદા કર્મચારીઓ (વર્ગ–૪) તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને ઈન્ક્રીમેન્ટ આપવા માટેનો અગત્યનો સરક્યુલર</u>

આથી તમામ ખાતાના બીલ કલાકોને તેમજ ખાતાના અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, સ્ટે. કમિટિ કરાવ નં. ૧૪૮૩ તા. ૧૦–૦૮–૨૦૦૪ મુજબ વર્ગ–૪ ના જે રોજીંદા મજૂરો / સફાઈ કામદારોને ૧૫ ઓગસ્ટ, ૨૦૦૪ ના રોજ ૫ વર્ષની સળંગ નોકરી કરી હોય અને હાલ

ફરજ ઉપર ચાલુ હોય તેવા કર્મચારીઓ કે જેઓએ ૫ વર્ષ ૯૦૦ દિવસ પૂરા કરેલ હોય તેવા કરેલ હોય તેવા કર્મચારીઓને કાયમ કરવામાં આવેલ છે.

તેવા કર્મચારીઓ પૈકીના જે કર્મચારીઓ તા.૦૧–૦૪–૨૦૧૬ના રોજ ફરજ ઉપર ચાલુ હોય તેવા કર્મચારીઓને તેમના રોજીંદા સમયના મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટ તા.૩૧–૦૩–૨૦૧૬ સુધી નોશનલ ગણી રોકડમાં તા.૦૧–૦૪–૨૦૧૬ થી આપવા માટે મે. મ્યુનિસિપલ કમિશનરશ્રીનાં ઠરાવ નં. ૪ તા. ૧૮–૦૪–૨૦૧૬ ના રોજ મંજૂરી મળેલ છે. ખાતાના અધિકારીશ્રીની મંજૂરીથી તે મુજબ ખાતાના બીલ કલાર્કશ્રીએ રોજીંદા સમય દરમ્યાન ૩૧૩ દિવસે ઈન્ક્રીમેન્ટ ગણી મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટની નોંધ સર્વિસબુકે રાખવાની રહેશે.''

ઉપરોકત સરક્યુલર વંચાણે લેવામાં આવે તો સંસ્થાના તા.૧૦/૦૮/૦૪ ના રોજમદાર મજુરો/સફાઈ કામદારોને તા.૧૫/૦૮/૦૪ ના રોજ ૫ વર્ષ અને ૯૦૦ દિવસ પુરા કરેલ હોય તેમને કાયમ કરવામાં આવેલ છે. આ પૈકીના જે કર્મચારી તા.૦૧/૦૪/૧૬ ના રોજ ફરજ પર ચાલુ હોય તેમને રોજમદાર સમયના મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટ તા.૩૧/૦૩/૧૬ સુધી નોશનલ ગણી રોકડમાં તા.૦૧/૦૪/૧૬ થી આપવા મંજુરી મળેલ મળેલ છે. દરેક ખાતાના કર્મચારીઓએ રોજીંદા સમય દરમ્યાન ૩૧૩ દિવસે ઈજાફો ગણી મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટની નોંધ સર્વિસબુકે રાખવાનો હુકમ કરેલ છે.

સંસ્થા ધ્વારા રોજમદાર સમયના મળવાપાત્ર થતા ઈન્ક્રીમેન્ટ તા.૩૧/૦૩/૧૬ સુધી નોશનલ ગણી રોકડમાં તા.૦૧/૦૪/૧૬ થી આપવાનું ઠરાવેલ છે. હાલના કામના અરજદાર તા.૩૧/૦૩/૧૬ અગાઉ નોકરીમાંથી નિવૃત થયેલ હોઈ રોજમદાર તરીકેના ઈજાફા બંધ કરી નવો ગ્રેડ આપી નુકસાન કરેલ છે તેવા કપાત કરેલ ઈજાફાના નાણાંનું એરીયર્સ બિલ બનાવી ચુકવણી કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હોઈ અરજદાર માંગણી નં. ૧ માં ઉપસ્થિત કરેલ દાદ મેળવવા કાયદેસર હકકદાર થતા ન હોઈ અરજદારની **માંગણી નં. ૧** રદ કરવામાં આવે છે. સદર સંજોગોમાં **મુદા નં. ૧** નો મારો જવાબ **નકારમાં** છે.

(ડી) સંસ્થાના તા.૨૧/૦૪/૧૬ ના રોજના સરક્યુલર અનુસાર ફરજ ઉપર હાજર હોય તેવા કર્મચારીઓ માટે જે કર્મચારી તા.૦૧/૦૪/૧૬ ના રોજ ફરજ પર ચાલુ હોય તેમને રોજમદાર સમયના મળવાપાત્ર થતા

ઈન્ક્રીમેન્ટ તા.૩૧/૦૩/૧૬ સુધી નોશનલ ગણી રોકડમાં તા.૦૧/૦૪/૧૬ થી આપવા મંજુરી મળેલ છે.

સદર સરકયુલર તા.૦૧/૦૪/૧૬ ના અગાઉ નિવૃત થયેલ કર્મચારીઓને લાગુ પડશે નહીં તેવો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં તા.૦૧/૦૪/૧૬ ના અગાઉ નિવૃત થયેલ કર્મચારીઓને તા.૨૧/૦૪/૧૬ ના રોજનો સરકયુલર લાગુ પડતો નથી તેવુ અર્થઘટન કરી શકાય નહી કારણકે તેનાથી એક જ વર્ગના એટલે કે રોજમદાર કક્ષાના શ્રમયોગીઓ સંબંધે ભેદભાવભર્યુ વર્તન ઉભુ થાય તેમ છે. આ સંજોગોમાં તા.૨૧/૦૪/૧૬ ના રોજનો સરકયુલર સંસ્થાના તમામ રોજમદાર કર્મચારીઓને એકસમાન રીતે લાગુ પડે છે તે મુજબ હું ઠરાવું છું.

સંસ્થાની નીતિ અનુસાર જે રોજમદાર કર્મચારીઓને ૩૧૩ દિવસે એક ઈન્ક્રીમેન્ટ આપવાનું તથા તે મુજબ પગાર ફીક્સ કરવાનો તા.૨૪/૧૦/૯૪ ના રોજાનો ઠરાવ છે. તા.૨૪/૧૦/૯૪ ના ઠરાવ અનુસાર હાલના કામના અરજદારને રોજમદાર સમયગાળામાં ઈજાફા આપવામાં આવેલ છે. આ સંજોગોમાં અરજદાર રોજમદાર સમયગાળા માટે મેળવેલ ઈજાફા ધ્યાને લાઈ તે મુજબ તેમનો પગાર ફીક્સેશન થાય તે માટે કાયદેસર હકકદાર થાય છે. સંસ્થાએ હાલના વિવાદના અરજદાર સંબંધે તા.૨૧/૦૪/૧૬ ના રોજના સરકયુલર અનુસાર પગાર ફીકસેશન કરવું જરુરી છે. આ સંજોગોમાં સંસ્થાએ હાલના વિવાદના અરજદાર સંબંધે તા.૨૧ /૦૪/૧૬ ના રોજના સરકયુલર અનુસાર પગાર ફીકસેશન કરવું.

(ઈ) સસ્થા તરફે વકીલશ્રી એમ. એચ. દવે તેમની દલીલોમાં ભારપુર્વક જણાવે છે કે અરજદારોએ કાયમી કામદાર તરીકેની નિમણુક સમયે સ્વૈચ્છિક કબુલાતનામું આપેલ છે જેમાં નોકરીની નિમણુક બાબતે કોઈ કાનુની તકરાર ઉભી કરીશ નહી તે મુજબ જણાવેલ છે. આ સંજોગોમાં અરજદારનો હાલનો વિવાદ કાયદેસર ટકી શકે તેમ નથી.

સદર કામે અરજદારે સંસ્થાના સરકયુલર મુજબના લાભની માંગણી કરેલ છે. અરજદારને રોજમદાર તરીકે ઈજાફા આપેલ છે તે ઈજાફા ધ્યાને લઈ અરજદારનો પે પ્રોટેકટ કરવાની સંસ્થાની કાયદેસરની જવાબદારી છે. આ સંજોગોમાં અરજદારને તેમનો કાયદેસરનો હકક આપવામાં આવેલ ન

હોય તો અરજદાર આ અંગે માંગણી કરી શકે છે. આ હકીકતે અરજદારે આપેલ કબુલાતનામું અરજદારના હકક પ્રત્યે અવરોધ ઉભુ કરતું નથી. અરજદારની હાલની માંગણી કાયદેસર ટકી શકે તેમ છે તે મુજબ હું ઠરાવું છું. સદર સંજોગોમાં અરજદારે કબુલાતનામું આપેલ હોય અરજદારનો હાલનો વિવાદ કાયદેસર ટકી શકે તેમ નથી તે મુજબની સંસ્થાની દલીલ હું નકારું છું.

(એફ) અરજદારોએ નિવૃત્તિ બાદ વિલંબથી રોજમદાર સમયગાળાના ઈજાફાની માંગણી ઉપસ્થિત કરેલ હોઈ અરજદાર સદર ચુકાદાની તારીખ સુધીના વચગાળાના સમય માટે કોઈપણ જાતના તફાવતની રકમ મેળવવા હકકદાર રહેશે નહી તે મુજબ ઠરાવવામાં આવે છે.

રોજમદાર સમયગાળાના ઈજાફાની ગણતરી ગ્રેજયુઈટી તફાવતની રકમ, રજાના રોકડ રૂપાંતરના લાભ સંબંધે જ તથા જે તે કિસ્સામાં પેન્શનના મળવાપાત્ર થતા રીવાઈઝ પેન્શનના લાભ સંબંધે જ ચુકવણી કરવાની રહેશે. સદર હકીકતે અરજદારની **માંગણી નં.૨** અંશત: મંજુર કરવામાં આવે છે. સદર સંજોગોમાં **મુદ્દા નં.૨** નો મારો જવાબ **અંશત: હકારમાં** છે.

ઉપરોકત ચર્ચા કરેલ તમામ કારણોસર અરજદારનો હાલનો વિવાદ અંશત:મંજુર કરી સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (આઈ.ટી.) નં.૮૮/૨૦૨૦ અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) સદર વિવાદમાં સંકળાયેલ અરજદાર (૧) નાથાભાઈ છગનભાઈ (૨) સમુબેન દલાભાઈ (૩) પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ તથા (૪) ગુજરનાર ખોડાભાઈ જેઠાભાઈ સોલંકી પ્રથમ પક્ષકાર સંસ્થાના તા.૨૧/૦૪/૧૬ ના રોજના સરક્યુલર અનુસાર પગાર ફીકસેશનનો લાભ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે તેઓએ આ ચૂકાદો પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં બીજા પક્ષકાર અરજદાર (૧) નાથાભાઈ છગનભાઈ (૨) સમુબેન દલાભાઈ (૩) પાર્વતીબેન પાલજીભાઈ ચૌહાણ તથા (૪) ગુજરનાર ખોડાભાઈ જેઠાભાઈ સોલંકીના વારસદાર દીનેશભાઈ ખોડાભાઈ સોલંકીને પ્રથમ પક્ષકાર સંસ્થાના તા.૨૧/૦૪/૧૬ ના રોજના સરક્યુલર અનુસાર પગાર ફીકસેશનનો લાભ આપી તે મુજબના નિવૃત્તિ લાભો ચૂકવી આપવાના રહેશે.

બીજા પક્ષકાર અરજદાર ચુકાદા તારીખ સુધીના વચગાળાના નાણાકિય લાભ મેળવવા હકકદાર રહેશે નહી.

(૪) બીજા પક્ષકાર અરજદાર (૧) કસ્તુરીબેન ભીમાભાઈ તથા (૨) ટીકીબેન ત્રિકમભાઈનો વિવાદ તેમના પુરતો રદ કરવામાં આવે છે.

(૫) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR DAVE
Reason: JUDGEMENT
at AHMEDABAD
on 10/08/2026 16:53:38 IST.

તા. ૧૦–૦૮–૨૦૨૬
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

એસ.જી.રામાણી,પી.એસ.